# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : વિરલ રાણા

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ-૦૫-૦૮-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---------------------------------------------------------------------------------------

## એક પેડ માં કે નામ-અભિયાન :

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં સેક્ટર-3Aની આંગણવાડીના બાળકો સાથે 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષ વાવીને રાજ્યવ્યાપી અભિયાનનો પ્રારંભ કર્યો હતો.રાજ્યભરની 53 હજાર 65 આંગણવાડીઓમાં અંદાજીત સવા ત્રણ લાખ રોપનું વાવેતર અને જતન કરવાનો સંકલ્પ લેવડાવ્યો હતો.તેમજ સપ્ટેમ્બર-2024 સુધીમાં 12.20 કરોડ અને માર્ચ-2025 સુધીમાં 17 કરોડ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

દરમ્યાન “એક પેડ માં કે નામ” સંકલ્પ હેઠળ ભુજ ખાતે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા ભુજમાં “સખી” વન સ્ટોપ સેન્ટર ખાતે “વૃક્ષારોપણ” કરવામાં આવ્યું હતું.જેમાં સેન્ટર ખાતે ૧૦ થી ૧૫ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી અવનીબેન રાવલ તેમજ વન સ્ટોપ સખી સેન્ટરનો સમગ્ર સ્ટાફ હાજર રહ્યો હતો.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------------------

## નારાયણ સરોવર-સફારી પાર્ક મંજુરી :

કચ્છના નારાયણ સરોવર વિસ્તારમાં સફારી પાર્ક સ્થાપવાની મંજૂરી મળતાં આગામી સમયમાં સફારી પાર્કનો પર્યટકોને લાભ મળશે.આ અંગે સૈધ્ધાંતિક મંજૂરી મળી જતા હવે ગીરના જંગલની જેમ પ્રવાસીઓ કચ્છના પવિત્ર યાત્રાધામ નારાયણ સરોવર ખાતે આગામી વર્ષોમાં જંગલ સફારી માણી શકશે.આ અંગે પશ્ચિમ કચ્છના નાયબ વન સંરક્ષક યુવરાજસિંહ ઝાલાએ વિગતો આપતા આ પ્રમાણે જણાવ્યું હતું.

(બાઇટ : યુવરાજસિંહ ઝાલા)

**પરેશ મારૂ**

-------------------------------------------------------------------------------------

## શ્રાવણ માસ-પ્રારંભ :

આજથી શિવની આરાધનાનો માસ શ્રાવણનો વિધિવતપ્રારંભ થઈ રહ્યો છે.ઘણા વર્ષો પછી શ્રાવણ માસની શરૂઆત સોમવારથી થાય છે અને પૂર્ણાહુતિ પણ સોમવારના થશે.પવિત્ર માસમાં સમગ્ર કચ્છ વિવિધ ધાર્મિક કાર્યક્રમોથી ગુંજી ઉઠશે.આ માસ દરમ્યાન વિવિધ ઉત્સવો સાથે લોકમેળાઓ પણ યોજાશે.ભુજ નજીક આવેલા સુરલભીટ સ્થિત જડેશ્વર મહાદેવ મંદિરે લોકમેળો ભરાશે.શ્રાવણ માસ દરમિયાન શિવાલયોમાં પુજા-અર્ચના સાથે વિશેષ રૂદ્રી, મહાઆરતી, ભજન સત્સંગ સાથે સુમહ મહિમ્ન સ્તોત્ર પઠન સહિતના આયોજનો કરવામાં આવશે. આજે વહેલી સવારથી શિવલયોમાં ભક્તોની ભીડ જામી હતી.જ્યારે સાંજે મહાઆરતીના આયોજન કરવામાં આવ્યા છે.પુંઅરેશ્વર, પિંગલેશ્વર, પિયોણી મહાદેવ સહિતના જિલ્લાભરમાં આવેલા પ્રાચીન અને પ્રસિદ્ધ શિવાલયોમાં શિવભક્તોનો પ્રવાહ મોટી સંખ્યામાં ઉમટી પડશે.

**પરેશ મારૂ**

-------------------------------------------------------------------------------------

## નારી વંદન સપ્તાહ ઉજવણી :

ગુજરાત સરકાર મહિલા આર્થિક વિકાસ નિગમ લી. અને મહિલા અને બાળ વિકાસ વિભાગ તેમજ  જિલ્લા રોજગાર કચેરી દ્વારા “નારી વંદન સપ્તાહ”ની ઉજવણી ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને  કરવામાં આવી હતી.મહિલા સ્વાવલંબન દિવસ નિમિતે મહિલાઓ માટે “સ્વરોજગાર લોન મેળાનું આયોજન થયું હતું.ધારાસભ્યએ જણાવ્યું હતું કે,બહેનોએ હુન્નરને વિકસાવી આત્મવિશ્વાસ સાથે આગળ વધવું જોઈએ.આ પ્રસંગે સન્માન પત્ર અને યોજનાકીય મંજુરી હુકમનું તેમજ કેશ ક્રેડીટ લોનના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**માહિતી ખાતું**

---

## <u>કચ્છ સંગ્રહાલય-ફોટોગ્રાફી હરીફાઈ :</u>

કચ્છ સંગ્રહાલય ભુજ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત આંતરરાષ્ટ્રીય યુવા દિવસ,સ્વતંત્રતા દિવસ તથા વિશ્વ ફોટોગ્રાફી દિવસને અનુલક્ષીને કચ્છ સંગ્રહાલય, ભુજ દ્વારા "મારુ કચ્છ' કલા, કલાકાર અને કારીગર વિષય સાથે આ ફોટોગ્રાફી હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત સ્પર્ધકોએ પસંદગીના ઓછામાં ઓછા ૨ થી ૫ ફોટોગ્રાફ સાથે પોતાની અનુભૂતિ શબ્દોમાં પરોવી ફોટોગ્રાફીના માધ્યમથી રજૂઆત કરવાની રહેશે.તા.૧૨ ઓગસ્ટ સુધીમાં ગુગલ ફોર્મ ભરી, પોતાના ફોટોગ્રાફ દરેક સ્પર્ધકે પોતાના સોશિયલ મીડિયા પેઈજ પર અપલોડ કરવાનું રહેશે.પંસદગી પામેલા બેસ્ટ ૩૦ ફોટોગ્રાફસનું પ્રદર્શન આગામી તા.૨૦ થી ૨૩ ઓગસ્ટ દરમ્યાન કચ્છ મ્યુઝીયમમાં પ્રદર્શિત કરવામાં આવશે.એવું કચ્છ સંગ્રહાલયના કયુરેટરની  એક યાદીમાં જણાવાયું છે.

**માહિતી ખાતું**

---